## મેં તો ડુંગર કોરી ને ઘર રે કર્યાં

(ફિલ્મઃ શેતલને કાંઠે)

મેં તો ડુંગર કોરી ને ઘર રે કર્યાં (૨)
મેં તો આભનાં કર્યાં રે, કમાડ સાયબા...
સાયબા અબોલડા હવે ભવના રીયા... મેં તો ડુંગર
હે...મેં તો અગર ચંદનનો ચૂલો રે કર્યો,
મેં તો ટોપલડે ભર્યા રે ભાર રે સાયબા...
સાયબા અબોલડા હવે ભવના રીયા... મેં તો ડુંગર
હે,,,મેં તો દૂધને સાકરનો શીરો રે કર્યો.
તમે જમો મારા નણંદના વીર રે સાયબા...
સાયબા અબોલડા હવે ભવના રીયા... મેં તો ડુંગર
હે...મેં તો નાવણ દીધાંને કુંડી વીછરી રે,
તમે નાવણ કરોને મોરા નાથ રે સાયબા...
મેં તો ડુંગર કોરી ને ઘર રે કર્યાં (૨)
મેં તો આભનાં કીધાં, કમાડ સાયબા...
સાયબા અબોલડા હવે ભવના રીયા... મેં તો ડુંગર